**કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+ પરીક્ષા પાસ કરવા અંગે.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૩૧-૧-૨૦૧૩

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦-૯-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૧૫-૬-૨૦૧૨ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૨-૧૩-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-પાર્ટ.૧-ક

(૪) સામાન્ય વહીવટ વિભાગનું તા.૩૧-૧-૨૦૧૩ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૧૩- ૦૧ -ખતપ -૧૦૨૦૦૫ -૧૫૧૯-પાર્ટ-૧-ક

## પરિપત્ર ::-

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર સરકારી કર્મચારીઓ/અધિકારીઓએ બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઇ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં , સરકારી કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવીને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા તા. ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે,તેવી પ્રારંભમાં જોગવાઇ કરવામાં આવેલ હતી, જે મુદત વખતોવખત લંબાવવામાં આવેલ છે અને હવે ઉપર વંચાણે લીધેલ ક્રમ-૪ આગળના જાહેરનામાથી તે મુદત તા. ૩૧-૩-૨૦૧૩ સુધી લંબાવવામાં આવેલ છે. આ મુદત હવે તા.૩૧-૩-૨૦૧૩ પછી નહીં લંબાવવાનો પણ સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.

ઉકત નિયમોમાં તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અવસાન પામેલ હોય, વયનિવૃત્ત થયેલ હોય અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય તેવા કર્મચારી/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષામાંથી મુક્તિ આપવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે. સરકારશ્રીના આ નિર્ણયને અનુલક્ષીને આ અંગે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) જે કર્મચારી / અધિકારીઓને છેલ્લે તા. ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી / ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે અને જેમણે હજી C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરવાની બાકી છે, તેવા કર્મચારી / અધિકારીઓએ તા. ૩૧-૩-૨૦૧૩ સુધીમાં આ પરીક્ષા અચૂક પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતાયાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ ની તાલીમમાં મોકલવા માટે પ્રથમઅગ્રતા આપવાની રહેશે.

(૨) જે કર્મચારીઓ/અધિકારીઓને તા.૧-૧-૨૦૧૩ કે ત્યારબાદ C.C.C./C.C.C.+ની પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવામાં આવે તેવા કર્મચારી/અધિકારીઓએ તા. ૩૧-૩-૨૦૧૩ સુધીમાં આ પરીક્ષા પાસ કરી લેવાની રહેશે અન્યથા તેમને આપવામાં આવેલ બઢતી/ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત લેવામાં આવશે.

સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/કચેરીના વડાઓએ આવા કર્મચારીઓ / અધિકારીઓની અગ્રતાયાદી તૈયાર કરી, તેમને C.C.C./C.C.C.+ની તાલીમમાં મોકલવા માટે દ્વિતિય અગ્રતા આપવાની રહેશે.

(૩) તા.૧-૪-૨૦૧૩ ના રોજથી જેમણે C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કરી હોય માત્ર તેવા જ કર્મચારી/અધિકારીઓના કેસમાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા વિચારણા કરવાની રહેશે અને જેઓએ આવી પરીક્ષા પાસ કરી નહીં હોય તેમને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર રહેશે નહીં.

(૪) જે કર્મચારી/અધિકારીઓ કે જેઓ લાગુ પડતી સંબંધિત C.C.C./C.C.C.+ પરીક્ષા પાસ કર્યા વિના તા.૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં અવસાન પામેલ હોય , વય નિવૃત્ત થયેલ હોય અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય તેવા કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+ની પરીક્ષામાથી મુક્તિ આપવાની રહેશે.

૨. સચિવાલયના સર્વે વિભાગને ઉકત સૂચનાઓ તેમના વહીવટીતંત્ર હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારી/અધિકારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
સિલેકટ ફાઇલ.

❖ પત્ર દ્વારા.